ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૫.૦° સે. | ૨૭.૦° સે. |
| બારડોલી | ૩૩.૦° સે. | ૨૬.૦° સે. |
| ભરૂચ | ૩૭.૦° સે. | ૨૭.૦° સે. |
| વ્યારા | ૩૩.૦° સે. | ૨૬.૦° સે. |



## ભારત-પાકિસ્તાન મેચને લઈ બારડોલીમાં રોષ

**લોકોનો** મત, રમત કરતાં દેશની સુરક્ષા અને શહીદોનું સન્માન વધુ મહત્ત્વપૂર્ણ



બારડોલીઃ દુબઈ ખાતે રમાઈ રહેલી એશિયા કપ T-20 ક્રિકેટ મેચમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટક્કરને લઈને દેશભરમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પહલગામમાં થયેલા તાજેતરના હુમલામાં પાકિસ્તાનનો હાથ હોવાને કારણે આ રોષ વધુ વકર્યો છે. આ સંજોગોમાં પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ ન રમાડવામાં આવે તેવી લોકોની લાગણી પ્રબળ બની છે. સોશિયલ મીડિયા પર આ મુદ્દે લોકોનો ગુસ્સો સ્પષ્ટ જોઈ શકાય છે. ખાસ કરીને બારડોલીમાં, મેચના વિરોધમાં અનેક કટાક્ષભર્યા મિમ્સ અને પોસ્ટ્સ વાયરલ થઈ રહ્યા છે. લોકોએ આ મેચને માત્ર એક રમત નહીં, પરંતુ દેશની સાર્વભૌમત્વ અને શહીદોના સન્માન સાથે જોડી છે.

દેશભરમાં ચાલી રહેલા આ વિરોધને પગલે અનેક યુવાઓએ લાઈવ મેચ જોવાનું પણ ટાળ્યું હતું. સામાન્ય રીતે ભારત-પાકિસ્તાન મેચ જોવા માટે થતાં ઉત્સાહ અને ઉજવણી આ વખતે જોવા મળ્યા નથી. યુવા વર્ગનું માનવું છે કે જ્યારે પાકિસ્તાન સરહદ પર સતત આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી રહ્યું છે, ત્યારે તેની સાથે કોઈ પણ પ્રકારના સંબંધો રાખવા યોગ્ય નથી, જેમાં ક્રિકેટ મેચ પણ સામેલ છે. લોકોના મતે, રમત કરતાં દેશની સુરક્ષા અને શહીદોનું સન્માન વધુ મહત્ત્વપૂર્ણ છે.

### દૂધધારા ડેરી ચૂંટણીમાં ભાજપના મેન્ડેટ વિરુદ્ધ ઉમેદવારી કરનાર અરૂણસિંહ રણાની પેનલનાં

## 9 ઉમેદવાર પક્ષમાંથી સસ્પેન્ડ

**ચેરમેનપદના** ઉમેદવાર મનાતા જીગ્નેશ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન પટેલ સસ્પેન્ડ, નર્મદા જિલ્લાના વધુ 3 ઉમેદવાર બરતરફ



ભરૂચઃ ભરૂચની દૂધધારા ડેરીની ચૂંટણીમાં રવિવારે ભાજપમાં મોટી રાજકીય કાર્યવાહી કરવામાં આવી છે. ભાજપના મેન્ડેટ સામે બળવો કરનાર ઉમેદવારોને સસ્પેન્ડ કરીને કડક વલણ અપનાવતા ભારે સળવળાટ ઊભો કર્યો છે. રૂણસિંહ રણાની પેનલના ભાજપના મેન્ડેટ વિરુદ્ધ ઉમેદવારી કરનાર કુલ 9 ઉમેદવારોને ભાજપાએ પક્ષમાંથી પાણીચું પકડાવી દીધું છે.

ભરૂચ દૂધધારા ડેરીમાં સહકારી માળખાનાં ભાજપના માંધાતા આમને સામને ચૂંટણીજંગ ઝંપલાવતા પેનલો સામ સામે ઊભી કરીને તેમના તેવર બતાવવા માંડ્યા હતા. ભાજપે આપેલા મેન્ડેટ સામે બળવો કરનારા ઉમેદવારોને ભાજપે કડક વલણથી હથિયાર ઉગામ્યું છે. ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ ધારાસભ્ય અરૂણસિંહ રાણાની પેનલમાંથી 9 ઉમેદવારને સસ્પેન્ડ કરી દીધા છે. તેઓએ મેન્ડેટ સામે ભાજપના અન્ય ઉમેદવારોએ ફોર્મ ભરતા અને તા.9મી સપ્ટેમ્બરે પાછું ન ખેંચતા ભાજપે સસ્પેન્સનનું હથિયાર ઉગામ્યું છે. જેમાં ચેરમેનપદના ઉમેદવાર મનાતા જીગ્નેશ પટેલ તથા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન પટેલને સસ્પેન્ડ કરી દીધા છે. આ ઉપરાંત હાંસોટના વિનોદ પટેલ, જંબુસરના નટવરસિંહ પરમાર, જગદીશ પટેલ અને હેમંતસિંહ રાજને પણ પક્ષમાંથી સસ્પેન્ડ સહિત તમામને સક્રિય તથા પ્રાથમિક સભ્યપદેથી દૂર કરી દીધા છે. નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવે સોમા વસાવા, દિનેશ બારીયા અને સુનિલ પટેલને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે 15 બેઠકોમાંથી 12 બેઠક માટે ઘનશ્યામ પટેલની અને 3 બેઠક માટે અરૂણસિંહ રણાની પેનલને મેન્ડેટ આપ્યું હતું. છતાંય રણાની પેનલમાંથી 12 લોકોએ અપક્ષ ઉમેદવારી કરી છે. ભાજપનાં સહકારી ક્ષેત્રે મજબૂત ગણાતા ઘનશ્યામ પટેલ તેમજ ભરૂચ જિલ્લામાં સહકારી પકડ ધરાવતા વાગરાના MLA અરુણસિંહ રણા દૂધધારા ડેરીમાં વર્ચસ્વ જમાવવા માટે ચૂંટણી જંગમાં આમને સામને મેદાનમાં આવ્યા છે.

### ધારાસભ્ય અરૂણસિંહ રણા પક્ષની નારાજગી છતાં ચૂંટણી લડવા મક્કમ

ભરૂચ દૂધધારા ડેરીમાં ભાજપે મેન્ડેટ સામે ઊભા રહેલા 9 ઉમેદવારોને ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવતા સહકારી રાજકારણ ગરમ થઇ ગયું છે. જે બાબતે વાગરાના MLA અરુણસિંહ રણાએ જણાવ્યું હતું કે સસ્પેન્શનથી અમને કોઈ ફર્ક પડશે નહીં. અમે વિકાસ પેનલ દ્વારા કમળનાં નિશાન વગર ચૂંટણી લડીશું.

## સંક્ષિપ્ત સમાચાર

### દહેજમાં ટેન્કર અડફેટે કિશોરનું મોત



ભરૂચઃ દહેજના ટાવર ફળિયામાં રહેતા સંજય માધવભાઈ વાળંદ પોતાના સાઢુના દિકરા હિમાંશુ (ઉં.વ.16) સાથે તા.13ના રોજ સવારે મોપેડ (નં GJ 16 D 2451) પર બજારમાં નાસ્તો લેવા ગયા હતા. નાસ્તો લઇ પરત ફરતી વેળા એક ટેન્કર (નં GJ 16 AY 2313)એ મોપેડને અડફેટમાં લેતાં ભયાનક અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં માસા-ભાણેજ રસ્તા પર ફંગોળાઈ ગયા હતા, જેમાં કિશોર હિમાંશુ ટેન્કરના ટાયર નીચે આવી જતાં તેનો માથું છુંદાઈ જતાં ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટેન્કરચાલક પોતાનું વાહન ત્યાં જ મૂકી ફરાર થઈ ગયો હતો. દહેજ પોલીસે ટેન્કરચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે અને આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### પશુ ચોરીના ગુનાઓમાં વોન્ટેડ આરોપી ઝડપાયો



ભરૂચઃ ભરૂચ LCBએ ઝઘડીયા અને વાલીયા પોલીસ સ્ટેશનના ભેંસ ચોરીના ચાર ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપી સુનીલ લક્ષ્મણભાઈ રાઠવાને છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના સખન્દ્રા ગામમાંથી ઝડપી પાડ્યો છે. LCBના PI એમ.પી.વાળાના સૂચન મુજબ PSI આર.કે. ટોરાણી અને તેમની ટીમે બાતમીના આધારે કાર્યવાહી કરી હતી. પોલીસ પૂછપરછમાં ઘટસ્ફોટ કર્યો હતો કે તેણે ઝઘડીયા અને વાલીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ભેંસ ચોરીના બે-બે ગુનાની કબૂલાત કરી હતી.

### પીપોદરા નજીક કારમાં પંચર પડ્યું છે, જણાવી 40 હજાર લઈ ગઠીયો છું

હથોડાઃ પીપોદરા નજીક આવેલા ઇન્ડિયન પેટ્રોલ પંપ ખાતે બારડોલીના પરિવારને કારમાં પંચર પડ્યાનું જણાવી ધ્યાન ગેરમાર્ગે દોરી કારમાંથી રૂપિયા 40,000 ભરેલી બેગ ગઠીયો લઈને છૂ થઈ ગયો હતો.
ઘટનાની વિગત એવી છે કે બારડોલી ખાતે રહેતો પરિવાર કાર લઈને નેશનલ હાઇવે નંબર 48 પરથી પસાર થતો હતો અને ઇન્ડિયન પેટ્રોલ પંપ ખાતે ઊભા હતા, ત્યારે ગઠિયાએ કારચાલકને જણાવ્યું હતું કે તમારી કારના પાછળના ટાયરમાં પંચર પડ્યું છે, જેથી પાછળ ટાયર જોવા જતાં ગઠીયાએ દરવાજો ખોલી રૂપિયા 40,000 ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે નજીકમાં આવેલી પાલોદ પોલીસમાં લેખિત ફરિયાદ કરતાં પોલીસે ઘટના સ્થળે સીસીટીવી કેમેરા ચેક કરીને વધુ તપાસ હાથ ધરી છે.

### પિનપુર ગામે કેબલ વાયરની ચોરીમાં ચાર ઝડપાયા


વિનોદ મૈસુરીયા

વાંકલઃ ઉમરપાડાના પિનપુર ગામે અનન્ય ઉર્જા સોલાર પ્લાન્ટમાંથી સીતારામ ટેક્સટાઇલ તથા બાપા સીતારામ સિન્થેટિક સોલાર પ્રોજેક્ટમાંથી અંદાજે ત્રણ લાખ રૂપિયાના કેબલ વાયરોની ચોરીમાં ઉમરપાડા પોલીસે ડેડીયાપાડા ખાતેથી ચાર ઈસમોને ઝડપી પાડ્યા છે. નિરંજન વસાવા (રહે., કુકરદા, કેવડી, ડેડીયાપાડા), સુરેશ વસાવા (રહે., ઘંટોલી ગામ, ડેડીયાપાડા), વિજયસીંગ વસાવા (રહે., કુકરદા, કેવડી) તથા કાયદાના સંઘર્ષમાં કિશોર સાથે કુલ ચાર આરોપીઓને ઝડપી પાડી 42,000 રૂપિયાના વાયર કબજે કર્યા છે.

### સુરત-નવસારી આહીર સમાજ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



પલસાણાઃ સુરત અને નવસારી જિલ્લા આહીર સમાજ દ્વારા રવિવારે પલસાણા ખાતે એક ભવ્ય મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ 1660 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનો મુખ્ય હેતુ થેલેસેમિયા અને અન્ય જરૂરિયાતમંદ દર્દીઓને મદદ કરવાનો હતો. આ પ્રસંગે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ, નવસારીના રાકેશ દેસાઇ, સુરત મનપાના કોર્પોરેટર જીતુભાઈ કાછડ, મનપા હોસ્પિટલ સમિતિના અધ્યક્ષ મનીષા આહીર, અને નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ પરેશભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આહીર સમાજના પ્રમુખ ઈશ્વરભાઈ આહીર ઉપ પ્રમુખ બાલુભાઈ આહીર, મંત્રી મોહનભાઇ આહીર દીપકભાઈ આહીર આગેવાનોએ સમાજના પરંપરાગત પહેરવેશ પહેરનાર વ્યક્તિનું વિશેષ સન્માન કર્યું હતું.

## બારડોલીની વિધવાનો હત્યારો ઉદયપુરથી ઝડપાયો

**પ્રેમસંબંધના** અંતથી નારાજ આરોપીએ યુવતીની કરપીણ હત્યા કરી હતી

બારડોલીઃ બારડોલીના તેન ગામે આવેલી જી.આઈ.ડી.સી.ના શેરડીના ખેતરમાંથી મળી આવેલી ૩૨ વર્ષીય વિધવા યુવતીની હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો છે. આ હત્યાકાંડનો મુખ્ય આરોપી અને યુવતીનો પ્રેમી રાજસ્થાનના ઉદયપુરથી ઝડપાઈ ગયો છે. બારડોલી ટાઉન પોલીસ અને એલ.સી.બી.ની સંયુક્ત ટીમે આ સફળ કામગીરી પાર પાડી છે.

ગત ૧૨મી ઓક્ટોબરે બારડોલીના તેન ગામની જી.આઈ.ડી.સી.માં શેરડીના ખેતરમાંથી તેન ગામની નવી વસાહતમાં રહેતી જ્યોતિ રાઠોડ નામની યુવતીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને જિલ્લા પોલીસ વડા એસ.પી. રાજેશ ગઢીયાએ તાત્કાલિક સ્થળની મુલાકાત લીધી અને ચાર અલગ-અલગ ટીમો બનાવી ઝડપી તપાસના આદેશ આપ્યા હતા. પોલીસને ઘટનાસ્થળેથી એક મોબાઈલ ફોન અને ચપ્પુ મળી આવ્યા હતા, જેની એફ.એસ.એલ. તપાસ શરૂ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન, પોલીસને જાણવા મળ્યું કે મૃતક જ્યોતિ રાઠોડ બારડોલીની એક હોટલમાં નોકરી કરતી હતી. તે જ હોટલમાં કામ કરતા વેઈટર કમલ ભમરુ ભીલ (ઉં.વ.૨૪, મૂળ રહે., રાજસ્થાન) સાથે તેને પ્રેમ સંબંધ બંધાયો હતો. કમલ ભીલ હત્યા બાદ રાજસ્થાન ભાગી ગયો હતો. પોલીસની એક ટીમ તાત્કાલિક રાજસ્થાન રવાના થઈ હતી અને ઉદયપુરમાંથી તેને દબોચી લીધો હતો.

પોલીસ પૂછપરછમાં કમલ ભીલ ભાંગી પડ્યો હતો અને તેણે હત્યાની કબૂલાત કરી હતી. તેણે જણાવ્યું કે પોતે પરણિત હતો અને છૂટાછેડા થઈ ગયા હતા. બારડોલીમાં નોકરી દરમિયાન જ્યોતિ સાથે તેને પ્રેમ સંબંધ થયો હતો. થોડા સમય પહેલા બંનેના સંબંધોમાં ખટરાગ થયો અને જ્યોતિએ તેના ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું, જેનાથી તે ગુસ્સે થયો હતો. સમાધાન માટે તેણે જ્યોતિને મળવા બોલાવી હતી. તા. ૧૧મી ઓક્ટોબરે રાત્રે જ્યોતિ કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી, અને તેનો બીજે દિવસે સવારે મૃતદેહ મળી આવ્યો હતો. કમલે પ્રેમ સંબંધના અંતથી ખફા થઈને આ કરપીણ હત્યા કરી હતી.

## પત્નીએ ઘર ખર્ચ માંગતા પતિએ આપી દીધા તલાક

**ભરૂચના** ટંકારીયાની પરિણીતાએ પાલેજ પોલીસમાં પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

ભરૂચઃ ભરૂચના ટંકારીયા ગામ ખાતે ઘર ખર્ચ માંગતી પત્નીને માર મારી પતિએ પત્નીને ત્રિપલ તલાક આપીને સંબંધ તોડી નાખવાની ઘટના સામે આવી છે. આ મામલે પીડિત પરિણીતાએ પાલેજ પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ભરૂચના ટંકારીયા ગામ ખાતે રહેતી 40 વર્ષીય સલીમાબાનુ (નામ બદલ્યું છે) એ ફરીયાદમા જણાવ્યું હતું કે, વર્ષ-2005માં તેઓના લગ્ન ફિરોજ નગીયા સાથે થયા હતા. લગ્નજીવન દરમ્યાન સંતાનમાં તેઓને ત્રણ પુત્રી અને એક પુત્ર છે. પતિ રિક્ષા ચલાવે છે પરંતુ, સંગત ખરાબ હોવાથી ઘર ખર્ચ માટે રૂપિયા આપતા નથી. અને રૂપિયા માંગો તો અવારનવાર ઝઘડો કરી માર મારી પિયરમાંથી રૂપિયા લઇ આવવા દબાણ કરે છે.

ગત તા.3 સપ્ટેમ્બરે ઘર ખર્ચ માટે રૂપિયાની માંગણી કરતાં તેણીને ત્રણ તમાચા મારી દીધા હતા અને ઘરમાંથી નીકળી જા નહીં તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ બબાલમાં આવેશમાં આવી પતિએ મુસ્લિમ સરીયત મુજબ ત્રણ વખત તલાક બોલી સ્થળ પર જ છૂટાછેડા આપી દીધા હતા. મુસ્લિમ સરીયત મુજબ તું મારી પત્ની રહી નથી તેવું કહી ઘર છોડી દેવા માટે દબાણ કર્યું હતું.

પતિએ તેઓની પત્ની તરીકે કાયદેસરના છૂટાછેડા આપ્યા નથી. પાલેજ પોલીસમા પતિ વિરુદ્ધ વિરુદ્ધ મારામારી, ધાકધમકી, મુસ્લિમ મહિલા અધિનિયમ સહિતની કલમો હેઠળ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## તરસાડીના યુવકે પત્નીના વિરહમાં ઝેરી દવા ગટગટાવી, હાલ સારવાર હેઠળ

હથોડાઃ સુરત જિલ્લાના તરસાડી ખાતે ચાર મહિના પહેલા યુવકે પ્રેમિકા સાથે કોર્ટ મેરેજ કર્યા બાદ પણ પિયર વાળા પત્નીને નહીં મોકલતા પત્નીના વિરહમાં હતાશ થઈને લાચાર બનેલા યુવકે ઝેરી દવા ગટગટાવી લેતાં તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો છે. કોસંબા પોલીસ પાસેથી મળેલી વિગત મુજબ કાર્તિકભાઈ છગનભાઈ પટેલે ગઈ તારીખ પાંચમી મેના રોજ પોતાની પ્રેમિકા સાથે કોર્ટ મેરેજ કરી લીધા હતા. પરંતુ પુત્રીએ પરિવારની જાણ બહાર કોર્ટ મેરેજ કરી લેતાં પરિવારે આ મંજૂર કર્યું ન હતું અને કોર્ટ મેરેજના ચાર મહિનાથી પત્નીને પિયરવાળા એ એકલી નહીં છોડતા અને નહીં મોકલતા હતાશ થયેલા અને પત્નીના વિરહમાં ઝુરતા કાર્તિકભાઈએ ઝેરી દવા ગટગટાવી લેતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે કોસંબા પોલીસે જાણવા જોગ ફરિયાદ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

## નઘોઈમાં બાઈક સ્લિપ થતાં શ્રમિકની પત્નીનું મોત

**પત્નીનું** મોત થતાં પતિ હોસ્પિટલમાંથી ફરાર થઈ ગયો, સાળાએ બનેવી સામે ફરિયાદ નોંધાવી

સાયણઃ મૂળ બારડોલીના વિજય બાબુભાઈ ગામીત હાલમાં ઓલપાડના નઘોઈ ગામે હળપતિ વાસમાં તેના સાસરે રહી મજૂરી કામ કરતો હતો. શુક્રવારે વિજય ગામીત પત્ની રવિના સાથે ગામના ખેડૂત કાંતિભાઈ પટેલના ખેતરમાં નિંદામણ કરવા ગયો હતો. દંપતી સાંજે ખેતરથી કામ પૂર્ણ કરી બાઈક (નં. કેએલ ૧૯ એસ ૮૪૨૯) ઉપર ઘરે આવી રહ્યા હતા. નઘોઈ ગામેથી કમરોલી ગામ તરફ જતાં રસ્તા ઉપર આવેલા તળાવ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે વિજય ગામીતે બાઈક પૂરઝડપે અને ગફલતભરી હંકારતા બાઈક સ્લિપ થઈ ગઈ હતી. અકસ્માતની ઘટનામાં રવિનાને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર અર્થે સુરત ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. જો કે પત્નીનું મોત થતાં તેનો પતિ વિજય બાબુભાઈ ગામીત હોસ્પિટલમાંથી ફરાર થઈ ગયો હતો. આ બાબતે નઘોઈ ગામે રહેતા આરોપી વિજય ગામીતના સાળા વિજય બળવંત રાઠોડે તેના બનેવી વિરુદ્ધ ઓલપાડ પોલીસને ફરીયાદ કરી હતી. જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અકસ્માત મોત કેસમાં પરિજનોને 85 લાખનું વળતર

**ધોરણ** પારડીમાં કારે બાઈકને ટક્કર મારતા ત્રણ યુવકના મોત નીપજ્યા હતા

બારડોલીઃ સુરત જિલ્લાના ધોરણ પારડી ગામે થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં ત્રણ વ્યક્તિના મૃત્યુ બાદ, બારડોલીની કોર્ટે પીડિત પરિવારોને ઝડપી ન્યાય અપાવ્યો છે. આ દુર્ઘટના ગત ૫મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ બની હતી. જેમાં ધોરણ પારડીથી બોધાન તરફ જતા રોડ પર બાઈક પર સવાર ત્રણ યુવાનના રોંગ સાઈડથી આવતી કારે ટક્કર મારતા સ્થળ પર જ મોત નીપજ્યા હતા. મૃતકોમાં વિપુલ બાબર પટેલ, કાર્તિક જશવંત પટેલ અને અજીત ઉક્કડ ચૌધરીનો સમાવેશ થાય છે. પરિવારોએ વળતર માટે કેસ દાખલ કર્યો હતો, જેમાં કોર્ટની દરમિયાનગીરી બાદ વીમા કંપની સાથે અનુક્રમે ૨૨ લાખ, ૨૮ લાખ અને ૩૫ લાખ ચૂકવવા માટે સહમતિ દર્શાવી અને કેસનો અંત આવ્યો હતો. આ કેસોમાં ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એન. આર. જૈન, મુખ્ય સિનિયર સિવિલ જજ એમ. કે. શાહ અને એડિશનલ સિવિલ જજ જે. એલ. પરમારે ઝડપી ન્યાય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમના હસ્તે જ મૃતકોના પરિવારજનોને વળતરના ચેક આપવામાં આવ્યા હતા. પરિવારજેનોએ એડવોકેટ સુરેશ યાદવ તથા ભાવેશ કાપડિયા મારફત વળતરની માંગણી કરી હતી.

## પતિ ભરણપોષણ પેટે પત્ની-પુત્રીને 27 હજાર ચૂકવે

**તરસાડીની** ફેમિલી કોર્ટનો હુકમ, પીડિત પત્નીએ માંગેલી દાદ મંજૂર કરી

હથોડા, માંડવીઃ તરસાડીની પરિણીતાએ ભરણપોષણ માટે માંડવી ફેમિલી કોર્ટમાં પતિ સામે દાદ માંગી હતી. જેમાં પરણિતાને તેમજ તેની સગીર વયની પુત્રીને દર મહિને રૂ.27,000 ભરણપોષણ પેટે ચૂકવી આપવા કોર્ટે પતિને હુકમ કર્યો છે.

તરસાડી સોમનાથ સોસાયટીમાં રહેતી દિવ્યાબેનના લગ્ન અમિતસિંહ કિશોરસિંહ કોસાડા સાથે થયા હતા અને લગ્નજીવન દરમિયાન એક પુત્રીનો જન્મ થયો હતો. પરંતુ સમય જતા માનસિક ત્રાસ વધતા અને અણબનાવથી દિવ્યાબેને પોતાનું તેમજ સગીર વયની દીકરી માટે ભરણપોષણ માગતી દાદ માંડવી ફેમિલી કોર્ટ સમક્ષ કરી હતી. માંડવી ફેમિલી કોર્ટે તમામ પાસા ચકાસ્યા બાદ આખરે અરજદારની ભરણપોષણ મેળવવા માટેની અરજી મંજૂર કરી છે. કોર્ટે ભરણપોષણ માટે પત્ની દિવ્યાબેનને 15000 જ્યારે સગીર વયની પુત્રીને 12000 હજાર મળી કુલ રૂ.27,000 ચૂકવી આપવાનો હુકમ પતિ અમિતસિંહ કિશોરસિંહ કોસાડાને કર્યો છે. પરિણીતા અરજદાર તરફે એડવોકેટ તરીકે કોસંબાના વકીલ જી. એમ. કાપડિયાએ ધારદાર દલીલો કરી હતી.

## અંકલેશ્વરના રૂ.2.27 લાખના ઠગાઈ કેસમાં આરોપી ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચઃ મુંબઈના આઝાદ મેદાન પોલીસ સ્ટેશનના ડિટેક્શન સ્ટાફે અંકલેશ્વરના 30 વર્ષીય વ્યક્તિની છેતરપિંડી કરવા બદલ ધરપકડ કરી છે. આરોપીની ઓળખ અશોકકુમાર લાલારામજી રાજપુરોહિત તરીકે થઈ છે. ફરિયાદી ભોમારામ પ્રજાપતિએ આરોપ લગાવ્યો હતો કે આરોપીએ તેમની સાથે રૂ.2.27 લાખની છેતરપિંડી કરી હતી અને 350 LED લાઈટ લઈને ફરાર થઈ ગયો હતો. મુખ્ય આરોપી રણવીર જૈને પ્રજાપતિ સાથે ફોન દ્વારા ઓર્ડર આપ્યો હતો. પોલીસ 153 લાઈટ કબજે કરી હતી. રાજપુરોહિત સ્ટીલની વસ્તુઓની દુકાન ધરાવે છે, જ્યાં તે ચોરાયેલી વસ્તુઓ વેચતો હતો. રણવીરે વસ્તુઓ રાજપુરોહિતને વેચવા માટે આપી હતી. રણવીર એક રીઢો ગુનેગાર છે, તે ઓનલાઈન ફોનનો ઓર્ડર આપે છે અને પોર્ટર દ્વારા ડિલિવરી મેળવે છે. તેના પર એલટી માર્ગ પોલીસ સ્ટેશનમાં કેસ છે અને હાલમાં તે વોન્ટેડ છે.

## માંડવી કોર્ટમાં રાષ્ટ્રીય લોક અદાલતમાં 424 કેસનો નિકાલ


હિતેશ પટેલ

માંડવીઃ સર્વોચ્ચ અદાલત તથા ગુજરાત વડી અદાલત તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સુરતના માર્ગદર્શન હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ માંડવી ખાતે ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતનો તાલુકા કાનુની સેવા સમિતિના અધ્યક્ષ મનીષભાઈ એમ. બુધ્ધભટ્ટીના વરદ હસ્તે શુભારંભ કરાયો હતો. આ લોક અદાલતમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ (ચેક બાઉન્સ), ડોમેસ્ટિક વાયોલન્સ, સિવીલ દાવાઓ (રિકવરી)ના કેસો સમાધાનકારી વલણ અપનાવવામાં આવ્યું હતું. જે કેસોમાં રૂ.31,22,816ની રકમની રિકવરી કરવામાં આવી હતી. સ્પેશિયલ સિટિંગનું આયોજનમાં કુલ-273 કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં રૂ.2,07,600/- દંડ વસૂલ કરી હતી. લોક અદાલતમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ડોમેસ્ટિક વાયોલન્સ તેમજ બેંક રિકવરી કેસો તથા વીજ વિતરણ કંપનીઓના નાણાંકીય દાવાઓનો સમાવેશ થતો હતો. આ લોક અદાલતમાં પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ એમ.એમ.બુધ્ધભટ્ટી અને માંડવી કોર્ટના રજિસ્ટ્રાર ગિરીશકુમાર પરમાર તથા નાઝર સંદીપ પંચાલ તથા અન્ય તમામ કોર્ટ સ્ટાફ તથા માંડવી બારના પ્રમુખ પ્રતાપભાઈ એચ. શર્મા તથા અન્ય વકીલોના સહયોગથી લોક અદાલતને સફળબનાવવામાં યોગદાન આપ્યુ હતું.

આ લોક અદાલતમાં પ્રિલિટિગેશનમાં DGVCL, SBI, BOB, યુકો બેંક, આઈ.ડી.બી.આઈ. બેંક, બેલસ્ટાર માઈક્રો ફાઈનાન્સ કંપની, ગુજરાત ગ્રામીણ બેંકે ભાગ લઈ કેસોનો નિકાલ કરી ન્યાયની તાત્કાલિકતા સિધ્ધ કરી હતી અને પ્રિલિટીગેશનમાં કુલ 210 કેસોનો સુખદ સમાધાનકારી વલણથી નિકાલ કરતાં કુલ રકમ રૂ.19,29,133 ની રકમનો એવોર્ડ કરવામાં આવ્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Mirai (Super Yodha)
10:00am, 03:00pm, 09:00pm
Heer Express - 11:00am
Fari Ek Vaar-Gujarati - 07:00pm
Maiyar Ma Mandu Nathi Lagtu-Gujarati
04:00pm
BAAGHI 4
12:00pm, 06:00pm, 09:30pm
Vash Level 2-Gujarati
05:00pm
Bachu Ni Benpani-Gujarati
01:00pm, 10:00pm
THE CONJURING LAST RITES-HINDI - 02:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

Nippon india Mutual Fund
Wealth sets you free
Mutual Fund Investor Awareness Program
To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. Schedule of upcoming IAP is as mentioned below:

| Date | Time | Location | Venue: Red Chiilies Hotel, Bardoli to Vyara Road, Bardoli 394601 |
|---|---|---|---|
| 16th Sep 2025 | 07.00 pm | Bardoli | |

Name : Prashant Chinai | Mob. No.: 93274 57443
Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793
Good gets better
Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી)
સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજની વાડીની બાજુમાં, બારડોલી-ધુલીયા હાઈવે, મુ.પો.ઈસરોલી, તા.બારડોલી, જિ.સુરત. મો.નં. ૯૨૨૭૦ ૨૦૦૧૩
International Year of Cooperatives 2025

"શીલ્ડ હરિફાઈ યોજના સૂરત/તાપી જિલ્લા/સૂરત શહેરની સહકારી સંસ્થાઓ માટે"

સૂરત જિલ્લા સહકારી સંઘ, "શીલ્ડ હરિફાઈ યોજના સૂરત/તાપી જિલ્લા/સૂરત શહેરની સહકારી સંસ્થાઓ માટે" વર્ષ ૨૦૦૦ થી શરૂ કરવામાં આવી છે. તે મુજબ સદર ૨૦૨૪-૨૫ ના વર્ષમાં કરવામાં આવેલ શ્રેષ્ઠ કામગીરી અંગે નીચે જણાવેલ સહકારી સંસ્થાઓ માટેની શીલ્ડ હરિફાઈ યોજવાનું નક્કી કર્યું છે.

| નિયત વિભાગો | નિયત વિભાગો |
|---|---|
| જિલ્લા કક્ષાની સહકારી સંસ્થાઓ | પગારદાર કર્મચારીઓની સહકારી મંડળીઓ |
| નાગરિક સહકારી બેંકો | ગ્રાહક સહકારી ભંડારો |
| તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો | ખેતી પાક રૂપાંતર, પ્રોસેસીંગ-કોટન સહકારી મંડળીઓ |
| અર્બન કો.ઓપ.ક્રેડિટ સોસાયટીઓ | ફળ, શાકભાજી ઉત્પાદક, ખરીદ વેચાણ સહકારી મંડળીઓ |
| દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ | મહિલા સહકારી મંડળીઓ |
| સેવા/લેમ્પસ/વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ | પિયત સહકારી મંડળીઓ |

શીલ્ડ યોજના હરિફાઈ સમિતિએ નક્કી કરેલા નોમ્સ મુજબ જે સહકારી સંસ્થાઓને સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં પ્રથમ ક્રમ મેળવી શીલ્ડ પ્રાપ્ત કર્યું હશે, તે સહકારી સંસ્થા પાંચ વર્ષ સુધી શીલ્ડ હરિફાઈમાં ભાગ લઈ શકશે નહી. છેલ્લા ત્રણ વર્ષનું શિક્ષણ ફંડ ભર્યું હશે અને જેનો ઓડિટ વર્ગ છેલ્લા ત્રણ વર્ષમાં 'અ' આવેલ હશે તે જ સંસ્થા શીલ્ડ હરિફાઈમાં ભાગ લઈ શકશે.
નિયત કરેલા વિભાગો અંગેના આખરી નિર્ણય શીલ્ડ યોજના હરિફાઈ સમિતિના સભ્યો તરફથી લેવામાં આવશે જે સર્વમાન્ય ગણાશે.
શીલ્ડ હરિફાઈના જે તે નિયત કરેલા વિભાગો માટેના ફોર્મ્સ સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત(બારડોલી) ના કાર્યાલયમાંથી જાહેર રજા અને રવિવાર સિવાય તારીખઃ ૧૫-૯-૨૦૨૫ થી તારીખ : ૩૦-૯-૨૦૨૫ દરમિયાન સવારે ૧૧-૦૦ થી ૩-૦૦ કલાક સુધીમાં મેળવી લેવા અને સદર ફોર્મ જરૂરી તમામ પત્રકો, છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક અહેવાલ/હિસાબો, છેલ્લા સુધારા સહિતનો પેટાકાયદો, છેલ્લા થયેલ ઓડિટની ઓડિટની નોંધ અને દુરસ્તી વગેરે સાથે સૂરત જિલ્લા સહકારી સંઘના બારડોલી કાર્યાલયને તારીખ : ૩૦-૯-૨૦૨૫ સુધીમાં પરત આપવાનું રહેશે.

નિયત તારીખ પછી ફોર્મ આપવામાં આવશે નહીં કે સ્વીકારવામાં આવશે નહીં.

સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી)
બારડોલી-ધુલિયા હાઈવે, લેઉવા પાટીદાર સમાજની વાડીની બાજુમાં, નેશનલ હાઈવે - ૫૩
મુ.પો.ઈસરોલી, તા.બારડોલી, જિ.સૂરત.
મોબાઈલ નંબર- ૯૨૨૭૦ ૨૦૦૧૩

શીલ્ડ યોજના હરિફાઈ સમિતિના
પ્રમુખશ્રીના આદેશથી
ભાવેશકુમાર એસ.પટેલ
એક્ઝિક્યુટિવ ઓફિસર
સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી)